# C.B.C.S. (રેગ્યુલર) અભ્યાસક્રમોનાં પુન:મૂલ્યાંકન અંગેની સૂચનાઓ

૧. તા.૦૧/૦૫/૨૦૨૦ થી જાહેર થયેલ પરિણામો માટે નિર્ધારીત સમય-મર્યાદામાં ફી સાથે વિદ્યાર્થીએ ઓરીજનલ માર્કશીટની રાહ જોયા વિના પુન:મૂલ્યાંકન ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. વિદ્યાર્થી કેટલા વિષયમાં પુન:મૂલ્યાંકન કરાવી શકે છે, તેની વિગત નીચે મુજબ છે. ફી ભરેલી હશે તો જ ફોર્મ માન્ય રહેશે.

| ક્રમ | પરીક્ષા | કેટલા પેપરનું પૂન:મૂલ્યાંકન થઇ શકે. |
|---|---|---|
| ૧. | ડિગ્રી કક્ષાની છેલ્લા વર્ષની પરીક્ષા | ૨ |
| ૨. | અનુસ્નાતક પરીક્ષા | ૨ |
| ૩. | પીજી. ડિપ્લોમાં પરીક્ષા | ૨ |
| ૪. | ક્રમ ૧,૨,૩ સિવાયની અન્ય પરીક્ષા | ૧ |

૨. વિદ્યાર્થીએ નિયત કરેલ ઓનલાઈન અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરીને જે તે પરીક્ષાનું પરિણામ ઓનલાઈન જાહેર કર્યાની તારીખથી સળંગ ૦૮ દિવસોમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે તથા ૦૮ દિવસો પુરા થયા બાદ વિદ્યાર્થીએ સળંગ ૦૨ દિવસમાં નિયત લેઈટ ફી માં ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

૩. પુન:મૂલ્યાંકન માટે વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફી રૂા.૨૫૦/- રહેશે તથા લેઈટ ફી પેમેન્ટ વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફી રૂા.૨૫૦/- રેગ્યુલર + રૂા.૫૦૦/- લેઈટ ફી= રૂા.૭૫૦/- ભરવાની રહેશે.

૪. **C.B.C.S.** અને Non **C.B.C.S.** અભ્યાસક્રમોનાં રી-ચેકીંગ અંગેનાં ફોર્મ સંબંધિત કોલેજ / સંસ્થામાં ઓફલાઈન ભરવાનાં રહેશે. જે પેપરમાં પુન:મૂલ્યાંકન કરાવેલ હોય તે પેપરમાં રી-ચેકીંગ ફોર્મ ભરવાનું રહેતું નથી.

૫. પુન:મૂલ્યાંકન કરાવેલ વિદ્યાર્થીઓનાં પરિણામમાં **Fail To Pass** અને વર્ગમાં સુધારો થતો હોય. તેવાં વિદ્યાર્થીઓએ પુન:મૂલ્યાંકન પરિણામ ઓનલાઈન જાહેર થયાંનાં ૦૧ માસનાં સમય મર્યાદામાં ફી રીફંડ કરવાં અંગેની અરજી પરીક્ષા વિભાગને પહોંચાડવાની રહેશે. સમય મર્યાદામાં ન આવેલ અરજીને ધ્યાને લેવામાં નહિ આવે અને તેમજ તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.

૬. પુન:મૂલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહિ કે ભરેલી ઓનલાઈન ફી ની રકમ પરિણામમાં ફેરફાર થાય કે ન થાય છતાં પરત મળી શકશે નહિ.

૭. અધૂરી અને ખોટી વિગત ભરેલી ઓનલાઈન અરજીઓ, નિયત ફી સિવાયની અપૂર્ણ કે ઓફ લાઈન અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ, અને તે અંગે પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૮. આંતરિક ગુણાંકન, **M.C.Q.**, પ્રેક્ટિકલ, વાઈવા,ડીઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેક્ટ-વર્ક વગેરેની કોઈપણ પરીક્ષાની પુન:મૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહિ. અને એક્સર્ટનલ પરીક્ષામાં એસાઈમેન્ટનું પુન:મૂલ્યાંકન કરવામાં આવશે નહિ.

૦૯. નિર્ધારીત કરતાં વધારે પેપરની ફી ભરવી નહિ. તથા નિયમ મુજબ બે પેપરનું પુન:મૂલ્યાંકન કરવાનું થતું હોય તો તે માટે એક જ ફોર્મ ભરવાનું રહેશે.

૧૦. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે ઓ. ૧૫૬ મુજબ અટકાવવા **(WithheldO.156)** માં આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુન:મૂલ્યાંકન કરવા ઇચ્છતાં હોય તો તેઓને પણ નિયત સમયમર્યાદામાં જ અરજી કરવાની રહેશે.

૧૧. જો કોઈ પરીક્ષાનાં ગુણ તેમની પરીક્ષાની અધુરી માહિતીના કારણે કે અન્ય કારણોસર જાહેર કરવામાં આવેલ ન હોય તેવા પરીક્ષાર્થીઓ જો પુન:મૂલ્યાંકન કરાવવા ઈચ્છતાં હોય તો તે મતલબની સાદા કાગળમાં ઓફલાઈન અરજી કરી નિયત સમયમર્યાદામાં જાણ કરવાની રહેશે. આવા પરીક્ષાર્થીનું સત્તાવાર પરિણામ જાહેર થયા પછીથી દિવસ ૧૦માં નિયત નમૂનામાં જરૂરી ફી સાથે પુન:મૂલ્યાંકન માટે અરજી કરવાની રહેશે.

૧૨. પુન:મૂલ્યાંકનનાં પરીક્ષકે આપેલ ગુણ અને અસલ મૂલ્યાંકનનાં ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રનાં કુલ ગુણનાં ૮% કે તેથી વધુ હશે તો જ તે પ્રશ્નપત્રનાં ગુણમાં/પરિણામમાં ફેરફાર કરવામાં આવશે.

૧૩. જે પરીક્ષાર્થીએ પુન:મૂલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુન:મૂલ્યાંકનનાં પરિણામ કે પ્રત્યુત્તરની રાહ જોયા વિના તેમના અસલ જાહેર થયેલા પરિણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતું હોય તો સમયમર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.

૧૪. પુન:મૂલ્યાંકનનું પરિણામ મોડું જાહેર થવાના કારણે ઉપલા વર્ગમાં મોડો પ્રવેશ મેળવવા માટે કોઈ પરીક્ષાર્થી હક્કદાર રહેશે નહિ અને તે માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના (નાણાં-સમય-તક) ક્લેઈમ કરી શકશે નહિ. પરંતુ જો કોલેજ સંસ્થા કે ભવનમાં પ્રવેશ આપ્યા બાદ ખાલી રહેતી જગ્યા હોય અને કોલેજ કે ભવન આવા પરીક્ષાર્થીને પ્રવેશ આપશે તો તેમની ખૂટતી હાજરી યુનિવર્સિટી કોન્ડોન કરી શકશે.

૧૫. વિદ્યાર્થીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની **C.B.C.S.** અભ્યાસક્રમોની પરીક્ષાનાં પુન:મૂલ્યાંકન ફોર્મ, ફી, પરિણામ વગેરે માટે વેબસાઈટ **www.saurashtrauniversity.co.in/StudentLogin/frmDefaultForStudent.aspx** અને પુન:મૂલ્યાંકન નિયમો, સુચનાઓ, પરિપત્ર વગેરે માટે વેબસાઈટ **www.saurashtrauniversity.co.in/master/result.aspx** અને **www.saurashtrauniversity.edu** નાં નિયમિત સંપર્કમાં રહેવું.

૧૬. વિદ્યાર્થીએ પોતાનાં **User Name (Enrollment Number)** અને **Password** દ્વારા પુન:મૂલ્યાંકનનાં પરિણામની વિગત વેબસાઈટ મારફત મેળવવાની રહેશે. જો પુન:મૂલ્યાંકન કરવાથી વિદ્યાર્થીનાં પરિણામમાં સુધારો ન થાય, તેવા કિસ્સામાં વિદ્યાર્થીને પત્રવ્યવહાર દ્વારા જાણ કરવામાં નહિ આવે. એટલે કે રી-એસેસમેન્ટ રીઝલ્ટ લેટર તેમણે પોતાનાં **Login** માંથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે. જે વિદ્યાર્થીઓનું પરિણામ સુધરે તો તેવા કિસ્સામાં તેઓની માર્કશીટ તેમનાં કોલેજ / સંસ્થાનાં સરનામે મોકલવામાં આવશે.

૧૭. વિદ્યાર્થીએ ફોર્મમાં પત્રવ્યવહારનું પૂરું સરનામું, મોબાઈલ નંબર વગેરે વિગતો ભરવાની રહેશે. અધુરા સરનામાંને કારણે ટપાલ પરત થશે, તો વિદ્યાર્થીની જવાબદારી ગણાશે.


૧૮. પુન:મૂલ્યાંકનની અરજીની છેલ્લી તારીખ બાદ સામાન્ય પરીસ્થિતિમાં મેડીકલ ફેકલ્ટીનું પરિણામ આશરે ૩૦ દિવસમાં તથા તેનાં સિવાયનાં પરિણામો આશરે ૪૫ દિવસમાં જાહેર થશે.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે સંબધિત પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.

# CBCS (રેગ્યુલર) અભ્યાસક્રમના વિદ્યાર્થી માટેની પુનઃ મૂલ્યાંકનની અરજી કરવાની માર્ગદર્શીકા

તા.૧/૫/૨૦૨૦થી જે પરીણામો જાહેર થશે તેમાં જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હશે તે જ વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશન થશે અને તેમની ઉત્તરવહીનું પુનઃ મૂલ્યાંકન કરાવી શકશે તે સિવાયના વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશન થશે નહી જેની ખાસ નોંધ લેવી.

૧) સૌ પ્રથમ વિદ્યાર્થીએhttps://saurashtrauniversity.co.in/StudentLogin/frmDefaultForStudent.aspx વેબસાઈટ પર જવાનું છે. જે નીચે મુજબ સ્ક્રીન જોવા મળશે




૨) દરેક વિદ્યાર્થીનું એનરોલમેન્ટ નંબર જ તેમનું યુઝર નેઈમ રહેશે અને પ્રથમ વાર દરેક વિદ્યાર્થીએ પોતાનો પાસવર્ડ બનાવવો પડશે તે માટે વેબસાઈટ પર બે વિકલ્પ આપેલ છે.


1) Student Registration (With Mobile)
2) Student Registration (Without Mobile)

ઉપરના બે વિકલ્પમાંથી કોઈ એક વિકલ્પ પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન આવશે અને તેમાં વિદ્યાર્થીએ પોતાની જે યુનિવર્સિટીમાં રહેલ માહિતી સાથે વેરીફાઈ કરીને પાસવર્ડ બનાવવાનો રહેશે.

Student Registration (With Mobile)


વિદ્યાર્થીએ નીચેની સ્ક્રીનમાં પોતાનો એનરોલમેન્ટ નંબર નાખવાનો રહેશે. એનરોલમેન્ટ નંબર નાખ્યા બાદ બહાર કલીક કરવાથી વિદ્યાર્થીનો મોબાઈલ નંબર કમ્પ્યુટર બતાવશે અને જો તે સાચો હોય તો Generate OTP પર કલીક કરવાથી તે મોબાઈલ નંબરમાં OTP આવશે તે નીચેના બોકસમાં નાખવાનો રહેશે અને તેમને જે ચિત્રમાં Captcha Code બતાવે છે તેની એન્ટ્રી કરીને વેરીફાઈ બટન પર કલીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો પાસવર્ડ બનાવવાનો રહેશે.

જો વિદ્યાર્થીએ એનરોલમેન્ટ નંબર નાખ્યા બાદ કમ્પ્યુટર જે મોબાઈલ નંબર બતાવે છે તે જો ખોટો હોય તો તે વિદ્યાર્થી પોતાનો મોબાઈલ નંબર બદલાવવો હોય તો તે પોતાની કોલેજ પર જઈને અરજી આપવાથી કોલેજ ધ્વારા તે બદલી શકાશે. વિદ્યાર્થી પોતે મોબાઈલ નંબર નહી બદલી શકે.




Student Registration (Without Mobile)

વિદ્યાર્થીએ નીચેની સ્ક્રીનમાં પોતાનો એનરોલમેન્ટ નંબર અને તેમની જન્મતારીખ નાખવાની રહેશે. જે ચિત્રમાં Captcha Code બતાવે છે તેની એન્ટ્રી કરીને વેરીફાઈ બટન પર કલીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો પાસવર્ડ બનાવવાનો રહેશે.




૩) પાસવર્ડ બની ગયા પછી વિદ્યાર્થીએ વેબસાઈટ પર Student Login લખેલ છે ત્યાં કલીક કરવાથી કમ્પ્યુટર વિદ્યાર્થીના યુઝર નેઈમ અને પાસવર્ડ પૂછશે.








૪)	યુઝર નેઈમની અંદર વિદ્યાર્થીએ પોતાનો એનરોલમેન્ટ નંબર નાખવાનો છે અને પાસવર્ડ વિદ્યાર્થીએ જે અગાઉ બનાવેલ છે તે નાખવાથી વિદ્યાર્થી લોગીન થઈ જશે.





૫)	વિદ્યાર્થીનો પોતાનો પાસવર્ડ ભુલી ગયા હોય તો Forgot Password પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન જોવા મળશે. જેમાં વિદ્યાર્થી પોતાનો એનરોલમેન્ટ નંબર, રજીસ્ટર મોબાઈલ નંબર ને જન્મ તારીખ નાખશે તો તેમનો પાસવર્ડ તેમના રજીસ્ટર મોબાઈલ નંબર પર આવી જશે.




૬)	વિદ્યાર્થી ધ્વારા યુઝર નેઈમ(એનરોલમેન્ટ નંબર) અને પાસવર્ડ નાખવાથી નીચે મુજબની સ્કીન જોવા મળશે.




વિદ્યાર્થીએ ReAssessment પર કલીક કરવું ત્યારબાદ તેમની પરીક્ષા સીલેકટ કર્યા બાદ View પર કલીક કરવાથી નીચે મુજબની સ્કીન આવશે




ઉપરની સ્ક્રીનમાં વિદ્યાર્થીએ પોતાનો મોબાઈલ નંબર, પત્રવ્યવહારના સરનામાની સંપૂર્ણ વિગત નાખી નીચે આપેલ વિષયોમાંથી જે વિષય/વિષયોનું પુનઃમૂલ્યાંકન કરવાનું છે તે સીલેકટ કરવાના છે. ત્યારબાદ સેવ બટન પર કલીક કરીને ફીનું પેમેન્ટ ઓનલાઈન કરવાનું રહેશે. પેમેન્ટ ઓનલાઈન Sucessfully થઈ જવાથી વિદ્યાર્થીનું પુનઃમૂલ્યાંકનનું ફોર્મ ભરાઈ ગયેલું ગણાશે અને ભવિષ્યમાં તેમનું પુનઃમૂલ્યાંકનનું પરીણામ પણ આ જ લોગીનમાં મળશે તેથી વિદ્યાર્થીએ તેમનો યુઝરનેઈમ અને પાસવર્ડ ખાસ સચાવવો અને ભવિષ્યમાં તેમનો ઉપયોગ કરવાનો થશે.